ફરિયાદ મળતાં જ કલેક્ટરનો સપાટો: સસ્તા અનાજની ૧૪ દુકાનો તંત્રના સકંજામાં

નવસારીમાં સસ્તા અનાજની દુકાનો પર સકંજો

ડાભેલ સીમલકના જયેશ પરમારનું લાયસન્સ કાયમી રદ

લાખોનો દંડ, ૭ દુકાનદારોને કારણદર્શક નોટિસ

નવસારીઃ વાજબી ભાવની દુકાનોમાં જથ્થાની ગેરરીતિ અંગે ફરિયાદો મળતાં જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ પુરવઠા તંત્રએ સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મે-૨૦૨૬થી સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન હાથ ધરાયેલી તપાસમાં જલાલપોર, નવસારી શહેર-ગ્રામ્ય, વાંસદા, ચીખલી અને ખેરગામની કુલ ૧૪ વાજબી ભાવની દુકાનોમાં જથ્થાની ઘટ-વધ સહિતની ગેરરીતિઓ સામે આવી છે.

તપાસમાં જલાલપોર તાલુકાના ડાભેલ સીમલકના દુકાનદાર જયેશ પરમારની દુકાનમાં ગંભીર ગેરરીતિ સામે આવતા તંત્રએ કડક પગલું ભરી લાયસન્સ કાયમી ધોરણે રદ કર્યું છે. અન્ય કેસોમાં પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

તપાસ દરમિયાન ઘઉં, ચોખા, ખાંડ, તુવેરદાળ, બાજરી, મીઠું અને ચણા સહિતની આવશ્યક ચીજવસ્તુઓના જથ્થામાં તફાવત સામે આવ્યો હતો. ગરીબોના હકના અનાજના જથ્થામાં ગેરરીતિ સામે તંત્રની આ કાર્યવાહી હવે કાગળ પર નહીં, પરંતુ જવાબદારી નક્કી થાય ત્યાં સુધી પહોંચે છે કે નહીં તે મહત્વનું બન્યું છે. ફરિયાદ બાદ હાથ ધરાયેલી તપાસમાં ગેરરીતિ સામે આવતા દંડ અને લાયસન્સ રદ કરવાની કાર્યવાહીથી વાજબી ભાવની દુકાનદારોમાં ફફડાટ ફેલાયો છે. હવે નોટિસ અપાયેલા કેસોમાં સુનાવણી બાદ વધુ કડક કાર્યવાહી થાય છે કે નહીં તેના પર નજર રહેશે.

અનાજના જથ્થામાં મળેલી ઘટ

તુવેર દાળઃ 192 કિલોગ્રામ	ચણાઃ 647 કિલોગ્રામ	ચોખા : 4,298 કિલોગ્રામ	ઘઉં : 3,104 કિલોગ્રામ	ખાંડઃ 706 કિલોગ્રામ

આ દુકાનદારોનો ખુલાસો મંગાયો

ખેરગામ, વાંસદા, ચીખલી, જલાલપોર અને સિસોદ્રા વિસ્તારની વધુ સાત જેટલી દુકાનોના સંચાલકોને કારણદર્શક નોટિસ પાઠવાઈ છે. સંબંધિતોને ૨૨ અને ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી ખુલાસો આપવા જણાવાયું છે.

કોને કેટલો દંડ કરવામાં આવ્યો

- ધામણના દુકાનદારને ૩,૭,૮૩,૪૧૧
- નવસારી પાંચ હાટડી શાખાને ૩.૩,૭૬,૩૦૫
- ઘોડવણીના સંચાલકને ૩.૫૦,૪૭૮
- સીતાપુર શાખાને ૩.૪૫,૮૩૦
- નવસારી-૧૨ના સંચાલકને ૩.૪૨,૮૩૮

નવસારી નેશનલ હાઈવેના 331 દબાણો દૂર કરી દેવાયા

૧૯ બ્લેક સ્પોટ નિવારવા તાકીદ

નવસારી જિલ્લામાં રોડ સેફ્ટી કમિટીની બેઠકમાં માર્ગ સલામતી પર ભાર

નવસારી : જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટી તથા હાઈવે સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં જિલ્લામાં અકસ્માતો ઘટાડવા અને વાહનચાલકોની સુરક્ષા માટે વિવિધ પગલાં અંગે ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટરે જિલ્લામાં આવેલા ૧૯ બ્લેક સ્પોટના નિવારણ માટે સ્ટ્રીટલાઈટ, હેઝાર્ડ બોર્ડ, ક્રેશ બેરીયર અને બ્રિજ પર હાઈમાસ્ટ સહિતની કામગીરી ઝડપથી હાથ ધરવા સૂચના આપી હતી. ઉપરાંત શાળા બસોનું ઈન્સ્પેક્શન કરવા અધિકારીઓને તાકીદ કરાઈ હતી. હાઈવે ઓથોરિટીએ આપેલી માહિતી મુજબ નેશનલ હાઈવે-૪૮ પરથી ૨૧૯ અને હાઈવે-૫૬ પરથી ૧૧૨ મળી કુલ ૩૩૧ દબાણો દૂર કરવામાં આવ્યા છે.

આરટીઓ અધિકારી આકાશ પટેલે જણાવ્યું કે ઓગસ્ટ દરમિયાન આરટીઓ દ્વારા ૪,૩૦૩ કેસ કરી રૂપિયા ૬૫ લાખની વસૂલાત કરવામાં આવી હતી, જ્યારે પોલીસ દ્વારા ૧૧,૦૬૫ કેસમાં રૂપિયા ૯.૫૩ લાખની વસૂલાત કરાઈ હતી. તા.૨૪મીએ માર્ગ સલામતી અંગે જનજાગૃતિ રેલી યોજાશે. બેઠક દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ કર્મચારીઓનું કલેક્ટરના હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું હતું. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માઉન્ટ આબુમાં સાધુના વેશમાં છુપાયેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો

લૂંટનો આરોપી આખી રાત શાળામાં છુપાઈને રહ્યો

નવસારી સિવિલ હોસ્પિટલમાંથી વાંસદા આંગડિયા પેઢી લૂંટનો મુખ્ય આરોપી પોલીસ જાપ્તામાંથી ફરાર

નવસારીઃ વાંસદાની આંગડિયા પેઢીમાં થયેલી લૂંટના મુખ્ય આરોપી રાજુ ઉર્ફે રાજારામે નવસારી સિવિલ હોસ્પિટલમાંથી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ જતા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી છે. રિમાન્ડ દરમિયાન તબિયત ખરાબ હોવાનું જણાવતા આરોપીને બે દિવસ અગાઉ સારવાર માટે સિવિલ હોસ્પિટલના પ્રિઝનર વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા બાદ માત્ર 24 કલાકમાં જ આરોપી પોલીસ જાપ્તાને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. લૂંટ બાદ પોલીસથી બચવા માટે આરોપી માઉન્ટ આબુમાં સાધુનો વેશ ધારણ કરી છુપાયો હતો અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી રીલ્સની મદદથી પોલીસે તેની ઓળખ કરી ધરપકડ કરી હતી. હવે એ જ આરોપીએ હોસ્પિટલમાંથી પલાયન કરી પોલીસ સામે પડકાર ઊભો કર્યો છે. ફરાર થયા બાદ આરોપીએ વિજલપોર રોડ નજીક આવેલી શારદા મંદિર સ્કૂલમાં આશરો લીધો હતો અને રાતભર ત્યાં છુપાઈને રહ્યો હતો. વહેલી સવારે વિદ્યાર્થીઓની અવરજવર શરૂ થતાં તેની નજર વિદ્યાર્થીઓ પર પડતાં તે શાળામાંથી પણ નાસી છૂટ્યો હતો. ફરાર આરોપીએ કાળા રંગની ટી-શર્ટ પહેરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બનાવની જાણ થતાં પોલીસની 10થી વધુ કર્મચારીઓની ટીમ દ્વારા વિજલપોર ફાટક સહિતના વિસ્તારોમાં રાતભર સઘન શોધખોળ, નાકાબંધી અને વાહનચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આરોપી રિક્ષા કે અન્ય વાહનમાં બેસીને અન્ય વિસ્તારમાં પહોંચ્યો હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે. સમગ્ર ઘટનામાં હોસ્પિટલમાં દાખલ કરાયેલા ગંભીર ગુનાના આરોપી પર રાખવામાં આવેલા પોલીસ બંદોબસ્ત અંગે સવાલો ઊભા થયા છે.

ગણેશ વિસર્જનમાં 'ડી.જે.ના ઘોંઘાટમાં અશ્લિલતા નહીં ચાલે'

નવસારીમાં કલેક્ટરને આવેદનપત્ર આપી ધાર્મિક પર્વની ગરિમા જાળવવા રજૂઆત

નવસારી : ગણેશોત્સવની પવિત્રતા અને વિસર્જન શોભાયાત્રાની શિસ્ત જળવાઈ રહે તે માટે ડી.જે. તથા સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ અંગે નવસારી જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. રૂપેન્દ્રકુમાર દેસાઈ સહિતના નાગરિકોએ લેખિત આવેદનપત્ર આપી વિસર્જન દરમિયાન અશ્લીલ, અભદ્ર અને દ્વિઅર્થી ગીતો વગાડવા સામે સ્પષ્ટ પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે ગણેશ વિસર્જન ધાર્મિક આસ્થા સાથે જોડાયેલું પર્વ હોવાથી શોભાયાત્રામાં મહિલાઓ, બાળકો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાય છે. આવા સમયે કેટલાક સ્થળોએ ડી.જે. પર વાંધાજનક ગીતો વગાડવામાં આવતા હોવાની રજૂઆત કરી, આવી બાબતોને કારણે સમગ્ર ધાર્મિક આયોજનની ગરિમા પર અસર થતી હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

આવેદનપત્રમાં વહીવટી તંત્ર દ્વારા વિસર્જન પહેલાં તમામ ગણેશ મંડળો, આયોજકો અને ડી.જે. સંચાલકોને સ્પષ્ટ સૂચનાઓ આપવાની તેમજ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ નિયમોનો ભંગ કરનાર સામે સ્થળ પર જ કાયદેસરની કાર્યવાહી થાય તેવી માગણી પણ કરવામાં આવી છે.

રજૂઆતકર્તાઓએ સ્પષ્ટ કર્યું છે કે ડી.જે. અને સંગીતના ઉપયોગ સામે વિરોધ નહીં, પરંતુ ધાર્મિક પર્વની ગરિમા જળવાઈ રહે અને જાહેર સ્થળે મહિલાઓ, બાળકો તથા પરિવારજનોને અયોગ્ય સામગ્રીનો સામનો ન કરવો પડે તે માટે નિયંત્રણ જરૂરી છે. હવે જિલ્લા વહીવટી તંત્ર આ રજૂઆતને પગલે શું માર્ગદર્શિકા જાહેર કરે છે અને તેનો અમલ કેવી રીતે કરાવે છે તેના પર નજર રહેશે.

ઉપસરપંચ અને મહિલા સભ્યની ગામમાં પ્રવેશવાની અરજી નામંજૂર

ઉદવાડા લાંચ પ્રકરણમાં જામીનની શરતો હળવી કરવા માટેની અરજી સ્પેશિયલ કોર્ટે ફગાવી

વલસાડઃ ઉદવાડા ગ્રામ પંચાયતમાં જમીન એન.એ. અને ઝોન ફેરવવાના ઠરાવના અવેજ પેટે રૂપિયા ૩,૦૦,૦૦૦ ની લાંચ લેવાના પ્રકરણમાં પકડાયેલા ઉપસરપંચ સરોસ ઈરાની અને મહિલા સભ્ય ધર્મિષ્ઠાબેન ઉર્ફે પટેલને ઝટકો લાગ્યો છે. જામીનની શરતોમાં છૂટછાટ મેળવી ઉદવાડા ગામમાં પ્રવેશવા માટે બંને આરોપીઓએ કરેલી અરજીને વાપીના એસીબી સ્પેશિયલ જજે નામંજૂર કરી દીધી છે. લાંચના આ કેસમાં નવસારી એસીબી પોલીસે ઉદવાડાના ઉપસરપંચ સરોસ ઈરાની અને વોર્ડ નં. ૪ ના સભ્ય ધર્મિષ્ઠા પટેલની ધરપકડ બાદ બંને આરોપીઓએ જામીન મેળવવા અદાલતમાં અરજી કરી હતી. સ્પેશિયલ કોર્ટે કડક શરતોને આધીન જામીન મુક્ત કર્યા હતા, જેમાં જ્યાં સુધી આ ગુનાની તપાસ પૂર્ણ ન થાય અને ચાર્જશીટ રજૂ ન થાય ત્યાં સુધી બંને આરોપીઓએ ઉદવાડા ગામની હદમાં પ્રવેશ કરવો નહીં. આ શરતમાંથી મુક્તિ મેળવવા માટે ઉપસરપંચ સરોસ ઈરાનીએ ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી સંભાળવાનું કારણ આગળ ધર્યું હતું, જ્યારે મહિલા સભ્ય ધર્મિષ્ઠા પટેલે ગણેશ ઉત્સવ નિમિત્તે તેમના બે બાળકો હોસ્ટેલથી ઘરે આવ્યા હોવાથી ગામમાં પ્રવેશવાની મંજૂરી માંગી હતી. સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલોને સંપૂર્ણપણે ગ્રાહ્ય રાખીને વાપીના સ્પેશિયલ જજે બંને આરોપીઓની જામીન શરતમાં ફેરફાર કરી ઉદવાડા ગામમાં પ્રવેશ કરવાની અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

ચીખલીમાં રૂપિયા ૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની હોસ્પિટલનું લોકાર્પણ

કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને મંત્રીઓની ઉપસ્થિતિમાં હોસ્પિટલ પ્રજાજનો માટે ખુલ્લી મુકાઈ

ઘેજ : ચીખલીમાં રૂપિયા ૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે રીબીન કાપીને પ્રજાજનો માટે ખુલ્લી મૂકી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, અદ્યતન સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલના કારણે ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો વધુ સારો લાભ મળશે. દર્દીઓને સંતોષકારક સારવાર મળે અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તે આરોગ્ય સેવાઓનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ.

મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, ચીખલીની વર્ષો જૂની રેફરલ હોસ્પિટલ દ્વારા અનેક લોકોને આરોગ્ય સેવાઓ આપવામાં આવી છે અને હાલ ભાજપ સરકાર દ્વારા સમયની જરૂરિયાત અનુસાર આ હોસ્પિટલને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તબદીલ કરવામાં આવી છે. હવે નવનિર્મિત આ હોસ્પિટલથી આ વિસ્તારના નાગરિકોને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. વધુમાં તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ, આયુષ્માન કાર્ડ અને ચિરંજીવી યોજના સહિતની વિવિધ સરકારી આરોગ્ય યોજનાઓને જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ ગણાવી, જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિને આભારી હોવાનું જણાવ્યું હતું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે, રૂપિયા ૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત આ અતિ આધુનિક ૧૦૦ બેડની હોસ્પિટલથી ચીખલી અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના નાગરિકોને સ્થાનિક સ્તરે જ ઉત્તમ સુવિધાસભર આરોગ્ય સેવાઓ મળી રહેશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, કારોબારી અધ્યક્ષ ડો અમિતાબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ડૉ. માલતીબેન સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ, હોસ્પિટલ સ્ટાફ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ચીખલીના મલિયાધરા ગામમાં દિલ્હીના અક્ષરધામ મંદિરની અદભુત પ્રતિકૃતિ

ધર્મેશ પટેલ

- ઘેજ : ગણેશોત્સવ દરમિયાન મંડળો દ્વારા આકર્ષક મંડપો અને પ્રતિકૃતિઓ બનાવી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. ચીખલી તાલુકાના મલિયાધરા ગામે 'મલિયાધરા કા રાજા' ગણપતિ મંડળ દ્વારા દિલ્હીના પ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની આબેહૂબ પ્રતિકૃતિનું નિર્માણ કરાયું છે. આ મંડપની વિશેષતા એ છે કે તેના નિર્માણ માટે કોઈ જ બહારના કારીગરની મદદ લેવાઈ નથી. મંડળના સ્થાનિક યુવાનોએ પોતાની મહેનત અને સૂઝબુઝથી ત્રણ મહિનાની અવિરત જહેમત બાદ આ ભવ્ય પ્રતિકૃતિ જાતે જ તૈયાર કરી છે. આ અદ્ભુત કલાત્મકતાને કારણે સમગ્ર ચીખલી તાલુકામાં મલિયાધરા કા રાજાના ગણેશોત્સવની ભારે ચર્ચા છે. આ પવિત્ર અવસરે વલસાડ તિથલ મંદિરથી પધારેલા કોઠારી સ્વામી તથા હરિતિર્થ સ્વામીએ ખાસ ઉપસ્થિતિ દર્શાવી હતી. તેમણે યુવાનોની કલાને બિરદાવી મહાઆરતીનો લહાવો લીધો હતો, જેનાથી વાતાવરણ વધુ ભક્તિમય બન્યું હતું. મંડળ દ્વારા તમામ ભાવિક ભક્તો અને ગ્રામજનોને આ યુવાનોની કલાકારીગરી અને વિઘ્નહર્તાના દર્શન કરવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પારડીમાં 5 દિવસના શ્રીજીની પ્રતિમાઓનું પારનદીમાં વિસર્જન

અમૃત પટેલ

- પારડીઃ પારડી પંથકમાં ૫ દિવસ સુધી વિઘ્નહર્તા દેવની આરાધના કર્યા બાદ ભક્તોએ ભારે હૈયે અને અશ્રુભીની આંખે શ્રીજીને વિદાય આપી હતી. પાર નદીના કિનારે શાસ્ત્રોક્ત વિધિ અને ઢોલ-નગારાના તાલે ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે 'ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટ'ના સભ્યોએ સેવા આપી હતી. હવે ૭મા, ૯મા અને અનંત ચૌદશના પર્વે બાકી રહેલી ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે.

જૂનમાં ૧૨૫, જુલાઈમાં ૧૪૫ અને ઓગસ્ટમાં ૧૩૦ કેસ સામે આવ્યા

ગણદેવીમાં ત્રણ મહિનામાં ડોગ બાઈટના 400 કેસથી ચિંતા

બાળકો પર શ્વાને કરેલા હુમલામાં ૧૭ ટાંકા આવ્યા હોવાના ગંભીર બનાવો બન્યા

કેરસી બારીયા

બીલીમોરાઃ બીલીમોરા અને ગણદેવી શહેરમાં રખડતા શ્વાનોની વધતી સંખ્યાને કારણે લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો હોવાથી મોડી રાત સુધી દર્શન માટે અવરજવર કરતા લોકોની સુરક્ષા સામે સવાલો ઉઠ્યા છે.

ગણદેવી સામુહિક આરોગ્ય કેન્દ્રના આંકડા મુજબ, વીતેલા ત્રણ મહિનામાં શ્વાન કરડવાના કુલ ૪૦૦ જેટલા કેસ નોંધાયા છે. જેમાં જૂનમાં ૧૨૫, જુલાઈમાં ૧૪૫ અને ઓગસ્ટમાં ૧૩૦ કેસ સામે આવ્યા છે. ખાનગી હોસ્પિટલોના દર્દીઓને ઉમેરતા આ આંકડો વધુ હોઈ શકે છે. અગાઉ ખત્રીવાડ અને વડા તળાવ વિસ્તારમાં બાળકો પર શ્વાને કરેલા હુમલામાં ૧૭ જેટલા ટાંકા આવ્યા હોવાના ગંભીર બનાવો બન્યા છે. શ્વાનોના ઝુંડ વાહનચાલકો પાછળ દોડતા હોવાથી અકસ્માતનું જોખમ પણ વધી ગયું છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને દ્વિચક્રી વાહનચાલકો માટે આ સ્થિતિ ચિંતાજનક બની છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, નોન-વેજની દુકાનોનો કચરો જાહેર સ્થળોએ ફેંકાતો હોવાથી શ્વાનો ત્યાં એકત્રિત થાય છે. પાલિકા દ્વારા આ મામલે કડક પગલાં લેવાય તેવી ઉગ્ર માગણી ઉઠી છે.

શ્વાન નિયંત્રણ અને ખસીકરણની કામગીરી અસરકારક બનાવવાની માંગ

રખડતા શ્વાનોની સંખ્યા સતત વધી રહી હોવા છતાં નિયંત્રણ અને ખસીકરણની કામગીરી કરાતી નથી. ગણદેવીમાં રખડતા શ્વાનોની સમસ્યા સલામતીનો મુદ્દો બની છે. ગણેશોત્સવ દરમિયાન મોડી રાત સુધી લોકોની અવરજવર વધતી હોવાથી પાલિકા તંત્ર દ્વારા સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી શ્વાન કરડવાના બનાવો અટકાવવા માટે કાયમી ઉકેલ તરફ આગળ વધે તેવી લોકમાંગ ઉઠી છે. બીલીમોરામાં પણ કૂતરાનાં ઝુંડ બની ગયા ગયા છતાં તંત્રને કોઈ લેવાદેવા ન હોય એવો વર્તાવ જોવાઇ રહ્યો છે.